**ફોજદારી કેસ નંબર :- 72166/20**

## આંક–૧ લગત હુકમ

(૧) ફરીયાદીને સાંભળ્યા, પુરશીશ તથા કેસનો રેકર્ડ વંચાણે લીધુ આ કામે લોક અદાલતમાં સમન્સ/નોટીસ પક્ષકારોને કાઢતા ફરીયાદી/ ભોગ બનનાર અત્રેની કોર્ટ સમક્ષ હાજર છે, પરંતુ આરોપી હાજર થયેલ નથી. ફરીયાદી/ ભોગબનનાર હાલની પુરશીશથી જાહેર કરેલ છે કે તેઓ આરોપી વિરુઘ્ઘ ગુનો કમ્પાઉન્ડ(દર ગુજર) કરે છે. અને તેઓ સદર કેસ આગળ ચલાવવા માગતા નથી. સદર પુરશીશ તેઓને વાંચી, સંભળાવી સમજાવતા કોઈપણ જાતના ધાકધમકી કે દબાણ વગર સ્વેચ્છાએ કબુલ મંજુર રાખેલ છે.

(૨) ઉપરોકત હકીકતે આ કોર્ટએ નિર્ણય કરવાનો છે કે, આરોપીને કેસનો સમન્સ બજયો ન હોય તેમજ આરોપી કોર્ટ સમક્ષ હાજર થયો ન હોય અને રજુ થયેલ પુરશીશમાં તેની સહી ન હોય તો પણ કોર્ટ આરોપી વિરુઘ્ઘનો ગુનો તેમની ગેરહાજરીમાં કમ્પાઉન્ડ કરી શકે કે કેમ ? આ કોર્ટના ઘ્યાન ઉપર નીચે મુજબની ઓથોરીટીઓ આવેલ છે.

૧). વાય.બી. બૈજુ વિ. સ્ટેટ ઓફ કેરાલા ૨૦૦૮ ક્રિ. લો.જ –૯૨૮.

૨). યસુદાસ અને બીજા વિ. સબ–ઈન્સ્પેકટર ઓચ પોલીસ કલ્લાસમેસરી

અને બીજા, ક્રિ. લો.જ. ૧૨૯૦. સદર ઓથોરીટીમાં નામ. કેરાલા હાઈકોર્ટ નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

(એ) ક્રિ.પો.કો.કલમ–૩૨૦ માં કરેલ કોમ્પોઝીશનની જોગવાઈ એક પક્ષીયા ક્રિયા છે અને તે દ્રિપક્ષીય ક્રિયા નથી.

(બી) ક્રિ.પ્રો.કોડ કલમ–૩૨૦(૧) તથા ૩૨૦(૨) મુજબ કોમ્પોઝીશનના નામે અરજી સદર કલમના કોષ્ટકની કોલમ નં.૩ માં વર્ણવેલ ભોગ બનનાર વ્યકિતમાં તેની સહીથી થઈ શકે.

(સી) કોમ્પોઝીશનની અરજી ફરીયાદી/ભોગ બનનાર તથા આરોપીની સંયુકત સહીથી આપવા માટે કોર્ટ ફરજ પાડી શકે નહી.

(ડી) ક્રી.પ્રો.કોડ કલમ– ૩૨૦ મુજબની કોમ્પોઝીશનની જોગવાઈને લેતા કોર્ટ આરોપીને હાજર રાખવા ફરજ પાડી શકે નહી.

(ઈ) ક્રિ.પ્રો.કોડ કલમ–૩૨૦ હેઠળ ગુનો કમ્પાઉન્ડ કરવાની ક્રિયા કોર્ટ ગુના નું સંજ્ઞાન લે તે પહેલા ઈન્વેસ્ટીગેશનના સ્ટેજે પણ થઈ શકે.

આમ ઉપરોકત ઓથોરીટીમાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લીધા સદર સિધ્ધાંત મુજબ ક્રિ.પો.કોડની કલમ ૩૨૦ મુજબનો ગુનો માફ (દર ગુજર) કરવા માટે કરવાની પુરશીશમાં આરોપીની સહી ફરજીયાત નથી તેમજ આરોપીની આ કોર્ટ સમક્ષ હાજરી પણ ફરજીયાત નથી. વધુમાં ક્રિ.પો.કોડની કલમ ૩૨૦(૧) ની જોગવાઈ ધ્યાને લેતાં ઉપરોકત ગુનો માંડવાળ પાત્ર છે અને તે ગુનો માંડવાળ કરવાની સત્તા તે ગુનાના ભોગબનનારને છે, જેઓના ધ્વારા જ હાલની આ પુરસીસ

આપવામાં આવેલ હોઈ તેથી હાલની પુરશીશ સ્વીકારવાને પાત્ર છે તેમજ ફરીયાદને ધ્યાને લેતા જો પુરશીશ ગ્રાહય રાખી કેસ ફેસલ કરવામાં આવે તો અન્ય કોઈ વ્યકિતના હિતને નુકશાન થતુ હોય તેમ જણાતુ નથી. વધુમાં આરોપીને હાજર રાખ્યા બાદ જ સમાધાન ગ્રાહય રહેશે તે રીતે ફરજ પાડવામાં આવે તો કેસના પરિણામમાં ફેર પડતો હોય તેમ જણાતું નથી, ફરીયાદી/ભોગ બનનાર કોઈપણ પ્રકારના ધાકધમકી કે દબાણ વગર સ્વેચ્છીક રીતે હાલની ફરીયાદ કમ્પાઉન્ડ માટેની અરજી આપેલ હોય અને ક્રિ. પ્રો. કોડની કલમ ૩૨૦(૧) ની જોગવાઈ ધ્યાને લેતાં ઉપરોકત ગુનો માંડવાળ પાત્ર હોય અને તે જોગવાઈ મુજબ ભોગબનનાર તે ગુનો માંડવાળ કરી શકે તેવી જોગવાઈ હોઈ અને તેઓના ધ્વારા જ જયારે હાલની આ અરજી ગુજારવામાં આવેલ હોય ત્યારે માત્ર આરોપી હાજર નથી કે આરોપીની તે માંડવાળ પુરસીસ ઉપર કોઈ સહી નથી તેવા કારણસર ફરીયાદી/ભોગ બનનાર ધ્વારા ગુનો માંડવાળ કરવાની અરજી નામંજુર થઈ શકે નહી અને તે નામંજુર કરવાથી અર્થહીન કાર્યવાહી થશે અને આવી કાર્યવાહી કર ભરતા લોકોના નાંણા વેડફવા બરાબર થશે માટે ઉપરોકત તમામ પાસા ધ્યાને લઈ પુરશીશ રેર્કોડેડ કરવાનો હુકમ કરવામાં આવેલ હોઈ, જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## // <u>આખરી હુકમ</u> //

૧. આરોપીને ક્રિ.પો.કોડની કલમ ૩૨૦(૧)(૮) અન્વયે તેમની સામે નોંધાયેલ ઈ.પી.કોડ કલમ ૩૭૯ મુજબના ગુનાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલ અંગે કોઈની માંગણી ન હોય તેથી તે લગત યોગ્ય ઈન્કવાયરી કર્યા બાદ હુકમ કરવાનો રહેશે / અગાઉ કરેલ મુદ્દામાલ લગત વચગાળાનો હુકમ આથી કાયમ કરવામાં આવે છે. આરોપીના અગાઉના જામીન ખત અપીલ સમય વીત્યે રદ ગણવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.
તારીખ :- ૧૧ /૦૯/૨૦૨૧

(અતુલકુમાર. આર. પટેલ)
અમદાવાદ.
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૨૫, અમદાવાદ.
( કોડ નં. જી.જે.૦૦૭૧૦)